CCC ને બદલે CCC+ ની પરીક્ષા આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ. ૧૧-૧૧-૨૦૧૩

વંચાણે લીધા:-

(૧) સા.વ.વિ. નો તા. ૩૦/૯/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક

(૨) સા.વ.વિ. નો તા. ૨૯/૪/૨૦૦૮ નો પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક

(૩) સા.વ.વિ. નો તારીખ ૧૭/૧૨/૨૦૦૭ નો પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦-૨૦૦૫-૧૫૩૨-ક

(૪) સા.વ.વિ. નો તારીખ ૨૨/૭/૨૦૧૩ નો પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક

પ રિ પ ત્ર :-

૧. સામાન્ય વહીવટ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) ઉપરના ઠરાવથી સરકારી સેવાઓ માટે કોમ્પ્યુટરના જ્ઞાનની જોગવાઇઓ રાજય સરકારે અમલી બનાવેલ છે જેના અનુસંધાને ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૪) ઉપરના તા.૨૨.૭.૨૦૧૩ ના પરિપત્રથી નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે.(ઉક્ત તમામ પરિપત્રો સા.વ.વિ. ની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.)

(૧) જે અધિકારી / કર્મચારીઓને CCC / CCC+ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી/ ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે અને જેમણે હજી CCC / CCC+ પરીક્ષા પાસ કરવાની બાકી છે, તેવા અધિકારી/ કર્મચારીઓએ (૧) તેમની નિવૃત્તિ તારીખ સુધીમાં અથવા (૨) તા.૩૧.૧૨.૨૦૧૩ સુધીમાં, એ બે પૈકી જે વહેલુ હોય ત્યાં સુધીમાં આ પરીક્ષા અચૂક પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી/ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

(૨) તા.૧.૭.૨૦૧૩ ના રોજથી જેમણે CCC / CCC+ પરીક્ષા પાસ કરી હોય માત્ર તેવા જ અધિકારી/કર્મચારીઓના કેસમાં બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા વિચારણા કરવાની રહેશે અને જે અધિકારી/કર્મચારીઓએ કમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ કરી નહીં હોય તેમને બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે નહીં.

૨. આમ, ઉકત જોગવાઇને લીધે હવે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત CCC / CCC+ ની પરીક્ષા પાસ કરેલ હોવી એ પૂર્વશરત/ લાયકાત છે.

૩. ઉક્ત પારા ૧(૧) મુજબ જે સરકારી કર્મચારીઓ / અધિકારીઓના કિસ્સામાં બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ શરતી મંજુર કરવામાં આવેલ છે તેવા કર્મચારીઓ/ અધિકારીઓ તા. ૩૧/૧૨/૨૦૧૩ સુધીમાં CCC/CCC+ ની પરીક્ષા પાસ કરી શકે તે માટે નીચે મુજબની સૂચના પરિપત્રિત કરવામાં આવે છે.

જે અધિકારી / કર્મચારીઓને CCC / CCC+ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી/ ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે અને જેમણે હજી CCC / CCC+ પરીક્ષા પાસ કરવાની બાકી છે, તથા જેઓએ પંચાવન વર્ષ પૂર્ણ કરેલ નથી તેવા અધિકારી/ કર્મચારીઓએ તા.૩૧.૧૨.૨૦૧૩ સુધીમાં આ પરીક્ષા અચૂક પાસ કરી લેવાની થતી હોઇ તેઓ આ બાબતે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ અને તે સંચાલિત પ્રાદેશિક કેન્દ્રોનો સંપર્ક કરી સ્પીપા દ્વારા આયોજીત આગામી CCC/CCC+ ની પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે છે. આ કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓએ CCC ની પરીક્ષા પાસ કરવાની બાકી છે તેઓ પણ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૩) ઉપરના ઠરાવની જોગવાઇઓને ધ્યાને લેતાં CCC ને બદલે CCC+ ની પરીક્ષા આપી શકે છે.